ગાંધીનગર સમાચાર


**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૮ ટકા

# સત્યાગ્રહ છાવણી ખાતે જનવેદના મહાસંમેલન યોજાયુ

## જે પક્ષ અમારા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવશે તેને અમે ચુંટણીમાં સમર્થન આપીશું : પ્રવિણ રામ

ગાંધીનગર, તા.૧૭

રાજયની મહાનગર પાલિકા,નગરપાલિકામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ, બેરોજગાર યુવાનો અને ખેડુતોને ન્યાય અપાવવા માટે જન અધિકાર મંચ દ્વારા આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે જનવેદના મહાસંમેનલ યોજાયું હતું. જેમાં ૧૦૮ના કર્મચારીઓ, આશા-આંગણવાડી બહેનો, કોન્ટ્રાકટ કર્મચારી-આઉટસોર્સીંગ કર્મચારીઓ સહિત મોટીસંખ્યામાં આંદોલનકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે જન અધિકાર મંચના પ્રમુખ પ્રવિણ રામે જણાવ્યું હતું કે અમારા પડતર પ્રશ્નોનું નિરાકરણ જે પક્ષ ઝડપી લાવશે તેને અમે આગામી વિધાનસભાની ચુંટણીમાં સમર્થન આપીશું.

રાજય સરકારમાં ફરજ બજાવતા કર્મચારીઓ, આશાબહેનો, આંગણવાડી બહેનો, તથા નિગમ અને મહાનગર પાલિકા અને નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારો, ૧૦૮ના કર્મચારીઓ, સરકારી કોલેજના અધ્યાપકો સહિત કેટલાક કર્મચારીઓ ફિકસ પે નાબુદ કરી કાયમી નોકરી આપવી, ફુલ પગાર આપવો, દસ વર્ષ બોન્ડ પ્રથા નાબુદ કરવી સહિતના પ્રશ્નોને સરકાર સમક્ષ રજુઆત કરી ચુકયા છે. પરંતુ સરકાર દ્વારા કોઈ પણ રજુઆત ધ્યાને લેવામાં આવી નથી. જેને પગલે આજે સત્યાગ્રહ છાવણી ખાતે જન અધિકાર મંચના નેજા હેઠળ જનસંવેદના મહાસંમેલન યોજાયું હતું. જેમાં ૧૦૮ના કર્મચારીઓ, આશા-આંગણવાડી બહેનો, શિક્ષકો, અધ્યાપકો, ખેડુતો, બેરોજગાર યુવાનો સહિત કેટલાય સમયથી આંદોલન કરી રહેલા લોકો જોડાયા હતા. આજે વિશ્વ ગરીબી દિવસે આ શોષિતોને ન્યાય આપી ગુજરાતમાંથી ગરીબી નાબુદ કરવામાં આવે નહીતર જે પક્ષ દ્વારા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવશે તેને જન અધિકાર મંચ દ્વારા સમર્થન આપવામાં આવશે તેમ મંચના પ્રમુખ પ્રવિણરામે જણાવ્યું છે.




# પેઈન મેનેજમેન્ટ પર યોજાયેલ સેમિનાર

ગાંધીનગર, તા.૧૭

આરોગ્યના દેવતા ભગવાન ધન્વન્તરીના પ્રાગટય દિવસ ધનતેરસના રોજ બીજા રાષ્ટ્રીય મેનેજમેન્ટ વિષય પર સેમીનાર સે-૬બી ખાતે ક્રેડીટ સોસાયટીની ઓફિસ ખાતે બપોરે ૧૧ થી ૨ દરમિયાન યોજાયો હતો જેમાં ખુબ જ ઉપયોગી માહીતી ઘરગથ્થું ઉપાયો વિષે જાણકારી આપી, પ્રત્યેક વ્યકિતની શારીરીક અને માનસિક તાસીર મુજબ ઈલાજ થઈ શકે તથા કફ, પિત,વાયુનું ત્યાં દર્દીઓને અપાતી સારવાર વિશે જણાવ્યું હતું. તેમજ સરકાર દ્વારા ખુબ જ ગંભીરતા પૂર્વક આર્યુવેદિકને સપોર્ટ કરી રહેલ છે. તે આ કાર્યક્રમથી





આર્યુવેદ દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગર શહેરના સેકટર-૬ બી ખાતે આવેલ સંતશ્રી રૈદાસ કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર અને સેકટર-૨૨ આર્યુવેદિક હોસ્પિટલના મેડીકલ ઓફિસરના સંયુકત ઉપક્રમે પેઈન રજુ કરી હતી. આ સેમીનારમાં મોટીસંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો.

આ સેમીનારમાં સે-૨૨ આર્યુવેદિક હોસ્પિટલના આરએમઓ ડો. મહેશભાઈ પરમારે આર્યુવેદિક વિષય પર બેલેન્સ ન જળવાય તો શારીરીક માનસિક તકલીફો ઉભી થાય છે. તે વિષે સમજણ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત નાગરીકોના વિવિધ મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું. તેમજ જયારે જરુર પડે ત્યારે સે-૨૨ હોસ્પિટલની મુલાકાત લેવી અને જાણી શકાયું હતું. આ પ્રસંગે સંતશ્રી રૈદાસ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના ચેરમેન પૂનમભાઈ મકવાણા, ગોંવિદભાઈ એમ રાઠોડ સહિત મોટી સંખ્યામાં નાગરીકોએ આ આર્યુવેદિક સેમીનારનો લાભ લીધો હતો.

# દિવાળીમાં વેકેશન દરમિયાન નગરજનોની માલ મિલ્કતની સલામતી રામભરોસે...!

ગાંધીનગર, તા.૧૭

દિવાળીના તહેવારો દરમિયાન શહેરના મોટા ભાગના મકાન માલિકો પરિવાર સાથે બહારગામ ફરવા જતા રહેતા હોય છે અને તેમના બંધ મકાનને તસ્કરો ટાર્ગેટ બનાવી લાખો રૂપિયાની માલમત્તા ચોરી કરી જતા હોય છે. જેને પગલે પોલીસ દર વર્ષે ‘ઓપરેશન ઉત્સવ’ કાર્યરત કરે છે જેમાં જે મકાનો તહેવારો દરમિયાન બંધ રહેવાના હોય તે માલિકો સ્થાનિક પોલિસ સ્ટેશનમાં જાણ કરે તેવી જાહેરાત કરાતી હોય છે. વીઆઈપીના બંદોબસ્તમાં વ્યસ્ત ગાંધીનગર પોલીસને આ વર્ષે આવું કાંઈ પ્રજાલક્ષી કામ કરવાનું યાદ જ ન આવ્યું..! નગરજનોની માલ મિલ્કતની સલામતી જાણે રામભરોસે મુકીને પોલીસ વીઆઈપીના અને રેલી-ધરણાના બંદોબસ્તમાં જ વ્યસ્ત રહી છે...!

ગાંધીનગર શહેર તથા ન્યુ ગાંધીનગર વિસ્તારને તસ્કરોએ રીતસરનું ઘમરોળી નાંખ્યું છે. ત્યારે દિવાળીના તહેવારો દરમિયાન વેકેશનમાં તસ્કરો પર પોલીસ કેટલો કંટ્રોલ રાખી શકે છે તે જોવું રહ્યું...! આવતી કાલે કાળી ચૌદશ છે અને કાળીચૌદશની રાત તસ્કરોના મુર્હતની રાત કહેવાય છે. આવા સંજોગોમાં ગાંધીનગર પોલીસની નિષ્ક્રિયતાએ ચર્ચા પકડી છે. એક તરફ તસ્કરો શહેરને ઘમરોળી રહ્યા છે તો બીજી તરફ પોલીસ વીઆઈપીના બંદોબસ્તમાંથી બહાર આવી શકતી નથી. દર વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન નગરજનોની માલ મિલ્કત સિવાય તે હેતુસર ‘ઓપરેશન ઉત્સવ’ નામનો એકશન પ્લાન ગાંધીનગર પોલિસ એકટીવ કરે છે જેમાં વેકેશનમાં બહારગામ જતા પરિવારજનો પોતાના મકાન બંધ રહેવાના હોય તે સમયગાળો અને મકાન નંબર સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવવાની અપીલ કરતી જાહેરાત કરે છે. જો કે આ વખતે ગાંધીનગર પોલીસને આ બાબત પણ યાદ આવી નથી. હવે જોવું રહ્યું કે તસ્કરોને ઘરફોડ કરતા અટકાવવામાં ગાંધીનગર પોલીસ સફળ થાય છે કે કેમ...!

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ફરી એકવાર નીટના મુદ્દે લડત આપી રહેલા વાલીઓ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળવા આવ્યા હતા અને આ કેસમાં સરકારે વિદ્યાર્થીઓના હિતમાં કેસ મજબૂત કરવા રજુઆત કરી હતી. જો કે આ કેસમાં જે કાર્ય સરકારે કરવાનું છે તે કામ વાલીઓ પોતાના ખર્ચે અને સમય બગાડી કરી રહ્યા છે છતાં સરકારનું ઉદાસીન વલણ વાલીઓને અકળાવી રહ્યું છે.

● ગાંધીનગરમાં ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરિટી ફોર્સના સિકયુરિટી જવાનો બુધવારે સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કાર્યક્રમ યોજશે. સિકયુરિટી કર્મચારીઓ ઘણા સમયથી તેમના પડતર પ્રશ્નો અંગે લડત ચલાવી રહ્યા છે.

● સચિવાલયમાં દિવાળીનો માહોલ ભરપૂર માત્રામાં જામી ચુકયો છે અને સચિવાલય સંકુલમાં મિઠાઈથી માંડીને ભેટ સોગાદો સાથે ફરતી વ્યકિતઓ ચોતરફ જોવા મળી રહી છે. દિવાળીનો માહોલ જો કે હવે બજારોમાં પણ જોવા મળી રહ્યો છે જેમાં ઘરાકી ખુલવા સાથે અનેક ઠેકાણે ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાઈ રહ્યા છે.

● કાળીચૌદશ નિમિત્તે સાંજે અનેક સ્થાનો ઉપર સુંદરકાંડના પાઠ અને સમુહ આરતીના કાર્યક્રમો યોજાયા છે અને કાલે પણ મોટી માત્રામાં સુંદરકાંડના પાઠ યોજાશે.

# સરકારના વર્ગ-૪ના કર્મચારીને કેન્દ્રના ધોરણે બોનસ આપવા ચોથા વર્ગ કર્મચારી મહામંડળની રજુઆત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ ગાંધીનગરના પ્રમુખ પૂનમભાઈ સોલંકી જણાવે છે કે, હિન્દુ ધર્મનો મોટામાં મોટો તહેવાર દિવાળીની ઉજવણી હર્ષ ઉલ્લાસથી કરી શકીએ તે માટે કેન્દ્ર સરકારે દિવાળીના તહેવાર માટે રૂ. ૬૯૦૫ (છ હજાર નવસો પાંચ) બોનસ આપેલ છે ત્યારે રાજય સરકાર પોતાના સેવકો સરકારી ચોથા વર્ગ માટે બોનસ ફકત રૂ. ૩૫૦૦ (અંકે ત્રણ હજાર પાંચસો) ચુકવવાનો નિર્ણય લીધેલ છે તે દુઃખદ બાબત છે. કારણ કે રાજય સરકાર એ સરકારી વર્ગ-૪ કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે જ રૂ. ૬૯૦૫ (છ હજાર નવસો પાંચ) બોનસ ચુકવે તે રીતના હુકમો કરવા જોઈએ તેમ ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળના પ્રમુખ પૂનમભાઈ સોલંકીએ રજુઆત કરી છે.

# ઝુંડાલ પાસે ફલેટની સાઈટ પર કરંટ લાગતા મજુરનું મોત

## અઠવાડીયાથી મજુર હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક ઝુંડાલ સર્કલ પાસે આવેલી સાવીયા સ્કાય ફલેટની સ્કીમનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અઠવાડીયા પહેલા એક મજુરને ઈલેકટ્રીક કરંટ લાગતા ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલ દાખલ કરાયો હતો. એક અઠવાડીયાથી જીવન-મરણ વચ્ચે ઝોલા કાઈ રહેલા મજુરનું આજે સવારે સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરુ કરી છે.

અમદાવાદ કુબેરનગર વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય ધનશી મફતભાઈ પ્રજાપતિ મજુરી કામ કરીને પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. અડાલજ નજીક ઝુંડાલ સર્કલ પાસે સાવીયા સ્કાય ફલેટની સ્કીમનું કામ ચાલી રહ્યું છે જયાં તે મજુરી કામ કરતો હતો.અઠવાડીયા પહેલા ૧૧ ઓકટોબરે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેને અચાનક ઈલેકટ્રીક કરંટ લાગતા ગંભીર હાલતમાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. અઠવાડીયાથી તે હોસ્પિટલાઈઝડ હતો દરમિયાન આજે સવારે સારવાર દરમિયાન તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું અડાલજ પોલિસે આ ઘટના અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# આજે સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરે હનુમાનજીનું પૂજન અર્ચન

ગાંધીનગર, તા.૧૭

કાળી ચૌદશ નિમિત્તે સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી હનુમાનજીનું વિશેષ પૂજન, આરતી અને સભા યોજાશે. સાંજે ૭.૧૫ કલાકે પૂજનવિધિ શરુ થશે.

ત્યારબાદ દિવાળીના દિવસે ૧૯મી ઓકટોબરના રોજ અન્નકુટ મહોત્સવ યોજાશે. સવારે ૧૦ વાગે અન્નકુટ આરતી બાદ અન્નકુટ દર્શન યોજાશે. જયારે નૂતનવર્ષ અવસરે સવારે ૬ વાગે મંગળા આરતી દર્શન, મંગળ આશીર્વાદ, સાકર વર્ષા અને ભકત મિલન મહોત્સવ યોજાશે. આ કાર્યક્રમોનો લાભ લેવા શાસ્ત્રીજી હરીકેશવ દાસજીએ ભાવિકોને નિમંત્રણ પાઠવ્યું છે.

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉલ્લાસપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

આરોગ્યના દેવતા ભગવાન ધન્વન્તરીના પ્રાગટ્ય દિવસ ધનતેરસના રોજ બીજા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી આજ રોજ બલરામ મંદિર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી.



આ ઉજવણીમાં યજ્ઞ, પ્રસાદ તથા પેઈન મેનેજમેન્ટ થકી આયુર્વેદ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે, આયુર્વેદ ભારતની વર્ષો જુની ચિકિત્સા પધ્ધતિ છે. આ આયુર્વેદનો ઉપયોગ દરેક વ્યક્તિએ પ્રત્યેક્ષ-પરોક્ષ રીતે કયાંક ને કયાંક કર્યો છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેઓશ્રીએ સ્વાઈન ફૂલ જેવા રોગ સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેના ઉકાળાના કાર્યક્રમની પ્રસંશા પણ કરી હતી.

આ પ્રસંગે યજ્ઞ, પ્રસાદ અને સેમિનારનો લાભ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, કડવા પાટીદાર સમાજના શ્રી ભરત પટેલ, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી જે.સી.પટેલ, શ્રી મુકેશ પટેલ, ગાયત્રી પરિવારના હોદેદારો, આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## આઈ લવ માય ગાંધીનગર



**વૈશાલીબેન જોષી**

**ગાંધીનગર ગમે**

સર્વ પ્રકારે સુંદર, શ્રેષ્ઠ અને સગવડતાભર્યું નગર હોવાને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

ખરા અર્થમાં જેમને નાગરિક કહી શકાય એવા સજ્જન, ગરવા ને સંવેદનશીલ નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેક પ્રકારની સંસ્થાઓ અને સંસ્થાઓનાં નામ વિના સેવાભાવી, સંવેદી વ્યક્તિઓ પણ અનેક પ્રકારનાં કાર્યક્રમો શહેરમાં કરે છે. એ જ કારણે શહેર પ્રવૃત્તિઓથી ધમધમે છે. સૌને સાદર પ્રણામ.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે કોઈ ઠોસ કામગીરીની આવશ્યકતા જણાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

મહિલા અને બાળ કલ્યાણ તથા વ્યક્તિત્વ વિકાસ અને સેવા ઉપક્રમો માટે મારી સેવા શહેરને આપવા હું તૈયાર છું.

# યુવાનોએ જરૂરિયાતમંદોના ચ્હેરે પ્રગટાવ્યા ‘સ્મિત’ના દિવા

## ૧૫ હજારથી વધુ જોડી વસ્ત્રો અને ૨ હજારથી વધુ મિઠાઈ-ફરસાણના પેકેટસનું વિતરણ કર્યું : ૧૦૦થી વધુ સ્વયંસવકોનું શિસ્તબધ્ધ સદકાર્ય

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના યુવાનોએ ફરી એકવાર સાબિત કર્યુ છે કે યુવાની એટલે જવાબદારી સાથેનો જોશ, યુવાની એટલે સમજદારી ભરી સંવેદના અને યુવાની એટલે સમાજની એવી શકિત જેને સમાજના દરેક વર્ગની ફિકર છે. શહેરના યુવાનો દ્વારા કાર્યરત સ્વૈચ્છિક સેવા ભાવી સંસ્થાઓ જેવી કે ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, આપણું ફાઉન્ડેશન, સ્કાયગૃપ અને હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશનના સ્વયં સેવકોએ દિવાળીના પર્વને અનુલક્ષીને ‘પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ’ અંતર્ગત ગાંધીનગરના તમામ વિસ્તારની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરીવારના જરૂરિયાતમંદ વર્ગને કપડાં અને મિઠાઈ-ફરસાણના પેકેટસનું વિતરણ કર્યુ હતું. આ કાર્યમાં તમામ સંસ્થાઓના મળીને આશરે ૧૦૦થી વધુ સ્વયંસવકો જોડાયા હતા જયારે ૧૫ હજારથી વધુ જોડી વસ્ત્રો તથા ૨ હજારથી વધુ મિઠાઈ-ફરસાણના પેકેટસનું વિતરણ કર્યુ હતું.



દિવાળી પર્વમાં સૌ કોઈને નવા નવા વસ્ત્રો ધારણ કરીને મિઠાઈ તથા અન્ય વાનગીઓ માણવાનો ઉમંગ હોય છે. જો કે આજની મોંઘવારીના જમાનામાં રોજ કામ કરીને રોજનું કમાતા શ્રમજીવી પરિવારોને પોતાના પરીવાર કે બાળકો માટે નવા કપડાં અને મીઠાઈ ખરીદવી પોસાતું હોતુ નથી. આ સંજોગોમાં નિરાશ થતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોના ચહેરા પર ઉત્સવનો ઉલ્લાસ ફરી ખિલવવાનું કાર્ય શહેરના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. ‘પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ’ અંતર્ગત આ યુવાનોએ તા. ૧લી ઓકટોબરથી તા. ૧૨મી ઓકટોબર સુધી શહેરમાંથી જુના વસ્ત્રોનું દાન એકત્ર કર્યુ હતું. જેને પ્રોત્સાહક પ્રતિસાદ નગરજનોએ આપતા આશરે ૧૫ હજાર જોડીથી પણ વધુ વસ્ત્રો દાનમાં પ્રાપ્ત થયા હતા. વળી આ સાથે યુવાનોએ તેમને મળેલા આર્થિક દાનમાંથી ૨ હજારથી વધુ મિઠાઈ-નમકીનના પેકેટસ ખરીદી જરૂરિયાતમંદોને તહેવારમાં વસ્ત્રો પહેરાવવા સાથે મ્હોં મીઠું કરવાની વ્યવસ્થા પણ ગોઠવી હતી.

### પાંચ સંસ્થાના સ્વયંસેવકોનું સહિયારું આયોજન

‘પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ’નું આયોજનમાં શહેરની પાંચ સંસ્થાઓ જેમાં ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, આપણું ફાઉન્ડેશન, સ્કાય ગૃપ અને હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશનના યુવાનો જોડાયા હતા. શહેરમાં પાંચ સ્થળે કલેકશન સેન્ટર બનાવવા સાથે એક મુખ્ય સ્ટોરેજ કેન્દ્ર પર એકત્રીકરણ કરી ત્યાંથી વિતરણ કરવા પ્રસ્થાન કરાયું હતું.



પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સમાં તમામ સહયોગી સંસ્થાના સ્વયંસેવકોએ બે દિવસ મહેનત કરી કપડાં પુરુષ-મહિલા તથા નાના-મોટા જેવા વિભાગોમાં વર્ગીકરણ કર્યુ હતું તથા શહેરના વિવિધ વિસ્તાર મુજબ ટુકડીઓ બનાવી એક સાથે કપડાં અને મિઠાઈનું વિતરણ કર્યુ હતું. યુવાનોના આ પ્રયાસને નગરજનોએ પણ ભારે હોંશથી બિરદાવ્યો હતો જયારે વસ્ત્રદાન તથા મિઠાઈ-નમકીન પ્રાપ્ત કરનાર જરૂરિયાતમંદ વર્ગે યુવાનોનો આભાર માનવા સાથે આર્શીવાદ પાઠવ્યા હતા.

# આજે સે-૨-બી ખાતે સુંદરકાંડનો પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

કળીયુગના હાજરા-હજૂર દેવ શ્રી હનુમાનજી મહારાજની સાધનાના પાવન દિવસ કાળી ચૌદશના પાવન અવસરે સેકટર-૨-બી વસાહતી સત્સંગ મંડળ દ્વારા ભવ્ય જાહેર સર્વ જનસુખાય ‘સુંદરકાંડ સંગીતમય પાઠ’નું ગોસ્વામી દિલીપ ગુરુજીની વ્યાસપીઠે તા. ૧૮-૧૦-૨૦૧૭ને સાંજે ૬.૦૦ કલાકે સે-૨-બી, મહુડી મંદિર પાસે-ગાંધીનગર ખાતે ભવ્ય જાહેર આયોજન કરવામાં આવેલ છે. જેમાં છેલ્લે સમુહ મહાઆરતી કરવામાં આવશે જેનો લાભ લેવા સર્વે ભકતજનોને પ્રેમભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. ઉદાજી અમરાજી ઠાકોર, ઉ.વ. ૫૬
- સ્વ. દુખહરન ઠાકુરદિન પ્રજાપતિ, ઉ.વ. ૮૦